


# આહ્વાન

**A Monthly Bulletin of Shahpur Methodist Church**



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : revrajuparmar@gmail.com | Pastor : Rev. Raju N. Parmar

Visit us at : www.shahpurmethodistchurch.com | (M) 8238260259



વર્ષ - ૫૬ | જાન્યુઆરી - ૨૦૨૬ | પત્ર - ૧૪૯


## નવું વર્ષ

ખ્રિસ્તમાં વ્હાલા ભાઈઓ અને બહેનો,

પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

નવું વર્ષ ઉત્સાહ, ઉલ્લાસ અને ઉમંગ સાથે આવે છે. નવું વર્ષ આપણા સર્વને માટે આનંદ, આશીર્વાદ, આરોગ્યપ્રદ, સુખ, શાંતિ અને સમૃદ્ધિ અને સફળતાઓ લાવનાર બની રહો. નવીન વર્ષમાં ઈશ્વરપિતા આપની સર્વ મનોકામના પૂર્ણ કરે એ જ હૃદયથી પ્રાર્થના તથા શુભેચ્છાઓ. નવું વર્ષ વિજય, આશા અને પડકારો સાથે આવે છે. માથ્થી ૨૮:૨૦ 'અને જુઓ જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું.' નવા વર્ષમાં ઈશ્વરપિતા આપણી સાથે છે. યહોશુઆને ઈશ્વરે જણાવ્યું જેમ મૂસાની સાથે હતો, તેમ તારી સાથે પણ હું રહીશ. હું તને તજીશ નહિ, ને તને મૂકી દઈશ નહિ. ઈશ્વરે યહોશુઆને નવી જવાબદારી આપી. ઈસ્રાએલી પ્રજાને આગેવાની આપવાની હતી, વચનનાદેશમાં લઈ જવાના, ત્યાં સ્થાયી કરવાના હતા. જ્યારે આપણે એવા સંજોગો, પરિસ્થિતિ કે સમયોમાંથી પસાર થતા હોઈએ છીએ. કોઈ આશા દેખાતી ન હોય, એવા કટોકટીભર્યા અને પડકારદાયક સમયોમાં પણ ઈશ્વર આપણી સાથે છે. તેમનું માર્ગદર્શન અને દોરવણી આપણા જીવનોમાં આનંદ, અજવાળું અને આશીર્વાદો લઈને આવે છે.

**નવી ઉત્પત્તિ :** ૨ કરિંથી ૫:૧૭ માટે જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ છે. જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે. જુઓ તે નવું થયું છે. ઈસુ ખ્રિસ્તમાં આપણે નવી ઉત્પત્તિ બનીએ છીએ. નવું વર્ષ નવી તારીખોથી નવું નથી બનતું પણ પશ્ચાતાપ, ઈશ્વર પ્રત્યેનો પ્રેમ, આદરભાવ, આધીનતા અને આત્માના નવીનીકરણથી બને છે. ખ્રિસ્તમાં આપણે નવા બનીએ, આપણી મનોવૃત્તિઓમાં નવા થઈએ, નવા વર્ષમાં ખ્રિસ્તમય નવું અને આશીર્વાદિત જીવન પ્રાપ્ત કરીએ.

**નવો આત્મા :** હઝકિયેલ ૧૧:૧૯, હું તેઓને એક અંતઃકરણ આપીશ, ને હું તમારામાં નવો આત્મા મૂકીશ. હું તેમના દેહમાંથી પથ્થર જેવું હૃદય દૂર કરીને માંસનું હૃદય આપીશ. આત્મામાં નવું બનવું, નવા જન્મના અનુભવ દ્વારા આપણે તારણ અને ઉદ્ધાર પ્રાપ્ત કરીએ છીએ. આત્મામાં નવા સામર્થ્યવાન અને તાજગી સભર બનીએ છીએ. ગી.શા. ૨૩:૩ તે મારા આત્માને તાજો કરે છે.

**નવું હૃદય :** હઝકિયેલ ૩૬:૨૬-૨૭, હું તમને નવું હૃદય પણ આપીશ ને હું તમારી અંદર નવો આત્મા મૂકીશ અને હું તમારા દેહમાંથી પાષાણમય હૃદય દૂર કરીશ, ને હું તમને માંસનું હૃદય આપીશ. હું મારો આત્મા તમારામાં મૂકીશ ને તમને મારા વિધિઓ પ્રમાણે ચલાવીશ ને તમે મારી આજ્ઞાઓ પાળશો તથા તેમને અમલમાં આણશો. ઈશ્વર તેઓને શુદ્ધ કરશે, તેઓને નવો આત્મા અને નવું હૃદય આપશે અને તેઓને સર્વ મલીનતાથી બચાવશે, નવીનીકરણ થાય છે. પાષાણમય હૃદય દૂર કરે છે અને માંસનું હૃદય આપે છે કે જેથી માણસ ઈશ્વરની આજ્ઞાઓનું પાલન કરે અને નવું જીવન જીવી શકે.

**નવું નામ :** યશાયા ૬૨:૨-૩, વિદેશીઓ તારા ન્યાયીપણાને તથા સર્વ રાજાઓ તારા ગૌરવને જોશે, અને યહોવાનું મોં જે નામ ઠરાવી આપશે તે નવું નામ તને આપવામાં આવશે. તું યહોવાના હૃદયમાં શોભાયમાન તાજ, ને તારા દેવની હથેલીમાં રાજમુગટ થઈશ. યોહાન ૧૦:૩ તે પોતાના ઘેટાને નામ લઈને બોલાવે છે અને તેઓને બહાર દોરીને લઈ જાય છે.

**નવા કામ કરનાર :** યશાયા ૪૩:૧૯ 'હું નવું કામ કરનાર છું.' તે હમણા નીકળી આવશે, શું તમે તે જાણશો નહિ ? હું તો અરણ્યમાં માર્ગને ઉજ્જડ પ્રદેશમાં નદીઓ કરી આપીશ. ઈશ્વરપિતા આપણા દરેકને માટે નવા વર્ષમાં નવા કામ કરનાર છે, રોમન ૮:૨૮ વળી આપણે જાણીએ છીએ કે જેઓ દેવના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે.

**નવીન વરસમાં નવીન સુદાનો હે પ્રભુ હુને દેજે રે,**
**સુહ ઘર સહુ જન ને સહુ મનમાં વાસ કરી તું રહેજે રે.**

નવા વર્ષમાં ઈશ્વરપિતા આપણી સાથે રહો. નવા ધ્યેય, હેતુ, ઉદ્દેશ અને સંકલ્પો સાથે જીવનમાં આગળ વધવા ઈશ્વરપિતા આપણી સહાય કરો, નવું વર્ષ આપણા દરેકને માટે સુખ, સમૃદ્ધિ, સફળતા અને આશીર્વાદો લાવનાર બની રહો, આમેન...

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : ડિસેમ્બર-૨૦૨૫

- તા. ૭-૧૨-૨૦૨૫, ભજનસેવામાં મળ્યા. કોન્ફરન્સ ઈવેન્જલીસ્ટ રેવ.વિજય જે. મેકવાન સાહેબે વચનની સેવા આપી હતી. પ્રભુભોજન પળાવવામાં આવ્યું. બપોરે ૧:૦૦ કલાકે ડિસ્ટ્રીક્ટ સન્ડેસ્કૂલ બોર્ડ દ્વારા આયોજીત સન્ડેસ્કૂલની વાર્ષિક પરીક્ષા લેવામાં આવી હતી. શ્રીમતી પ્રતિમાબેન એ. માસ્ટર તરફથી બાળકો એરોન અને આરીયાનાના બર્થડે (૯ ડિસેમ્બર) હોવાથી સર્વ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા. ૧૦-૧૨-૨૦૨૫, બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયાની વાર્ષિક જનરલ મિટીંગમાં હાજરી આપી.
- તા. ૧૨-૧૨-૨૦૨૫, ડિસ્ટ્રીક્ટ ક્રિસમસ સેલિબ્રેશનમાં કુટુંબ સાથે હાજરી આપી.
- તા. ૧૪-૧૨-૨૦૨૫, ભજનસેવામાં મળ્યા. શ્રી નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન નોકરીમાંથી નિવૃત્ત થયા માટે તેમના તરફથી મંડળીના સર્વને માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર. નોકરીમાંથી સુખરૂપ નિવૃત્ત થયા માટે નિલેશભાઈ અને કુટુંબને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.
- ભજનસેવા બાદ બપોરે સાપલા અને ખુંટજ બંને ગામોના જરૂરિયાતમંદ કુટુંબોને અનાજ કરિયાણાની કીટ, કપડા, ધાબળાં, ચાદર, સાડી, ટુવાલ, ઘડિયાળ, લાડવા, બાળકો માટે ચોકલેટ-બિસ્કીટ વિગેરે આપવામાં આવ્યા. પ્રભુમાં વ્હાલા દાતાશ્રીઓનો પુષ્કળ આભાર માનવામાં આવે છે. કીટ વિતરણ કરી પરત આવતા રાતના ભોજનની વ્યવસ્થા શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન તરફથી કરવામાં આવી હતી. આભાર. આ કાર્યમાં સાથ, સહકાર આપનાર સર્વનો આભાર માનવામાં આવે છે. આ મદદ મંડળીના સહકારમાં સ્થાનિક મહિલા મંડળ આયોજીત હતી. સ્થાનિક મહિલા મંડળનો આભાર માનવામાં આવે છે. વિગતવાર અહેવાલ બીજા પેજ પર આપવામાં આવેલ છે. જેની ખાસ નોંધ લેશો.
- તા. ૧૬-૧૨-૨૦૨૫, મેથોડિસ્ટ મિશનરી મુવમેન્ટ નાતાલ સંગતમાં મંડળીના આગેવાનો સાથે હાજરી આપી.
- તા. ૨૦-૧૨-૨૦૨૫ ના રોજ રાત્રે ચર્ચમાં કેરલ્સનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ક્વાયરે ગીતોમાં સુંદર દોરવણી આપી હતી. ચા-નાસ્તાની વ્યવસ્થા ચર્ચના સભાસદ ભાઈઓ તરફથી કરવામાં આવી હતી. આભાર. ત્યારબાદ સર્વ ગરબામાં પણ જોડાયા હતા.
- તા. ૨૧-૧૨-૨૦૨૫ ભજનસેવામાં મળ્યા, ગીફ્ટ એક્ષચેન્જનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મંડળીના ભાઈઓ અને બહેનોએ આનંદ સહ ભાગ લીધો હતો. શ્રીમતી શર્મિલાબેન એસ. અર્લિક, શ્રીમતી મીનાબેન પરમાર, શ્રીમતી પ્રતિભાબેન રશ્મિકાન્ત મહિડા તરફથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા. ૨૫-૧૨-૨૦૨૫, નાતાલની ભજનસેવા ચલાવવામાં આવી હતી. ચર્ચના સર્વ વ્હાલાઓએ ઉત્સાહ સહ ભાગી લીધો હતો. ભજનસેવા બાદ શ્રીમતી કમળાબેન સોલંકી અને શ્રીમતી સ્મિતલતાબેન આર. ક્રિશ્ચિયન તરફથી ચ્હા-કેક આપ્યા હતા. આભાર.
- તા. ૨૬-૧૨-૨૦૨૫, અમદાવાદ ડિસ્ટ્રીક્ટ અને ડિસ્ટ્રીક્ટ એમ.વાય.એફ. દ્વારા ક્રિસમસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.
- તા. ૨૮-૧૨-૨૦૨૫ ભજનસેવામાં મળ્યા. આભારસ્તુતિ સન્ડે તરીકે ઉજવવામાં આવ્યો હતો. શ્રીમતી સોનલબેન દાસ તરફથી સર્વને માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા. ૩૧-૧૨-૨૦૨૫ ગેમ્સ, કલ્ચરલ કાર્યક્રમમાં જોડાયા હતા. વોચ નાઈટ સર્વિસમાં ઘણાએ સાક્ષી આપી હતી અને પ્રભુનો આભાર માન્યો હતો. ફટાકડાના આનંદ સાથે નવા વર્ષને આવકારતાં શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.
- ફટાકડા કુ. વેલેન્ટીનાબેન દાસ તરફથી આપવામાં આવ્યચા હતા. આભાર.
- ગેમ્સના ઈનામ શ્રી એન્થનીભાઈ એસ. ઈમાનુએલ તરફથી આપવામાં આવ્યા હતા. આભાર.
- ગેમ્સ બાદ નાસ્તાની વ્યવસ્થા શ્રીમતી ડોરોથીબેન દાસ તરફથી કરવામાં આવી હતી. આભાર.

નાતાલ અને નવા વર્ષના ખર્ચ નિમિત્તે ચર્ચના વ્હાલાઓ જુદી જુદી રીતે મદદરૂપ થનાર સ્ટાર, લાઈટીંગ, ક્રિસમસ ટ્રી, ક્રિસમસ ફાધરની સેવા આપનાર સર્વનો આભાર.

ચર્ચના મિનારાનું રીનોવેશન કરવામાં આવ્યું. સાથે સાથે બાળવિભાગ રૂમ, ડેડસ્ટોક રૂમમાં પ્લાસ્ટર કરવામાં આવ્યું. નીચે ચોકડીનું કામ કરવામાં આવ્યું. માલમિલકત સમિતિના પ્રમુખ અને સાથ સહકાર આપનાર સર્વનો આભાર.

## BIRTHDATE IN JANUARY

| | |
|---|---|
| ૨/૧ | વેલેરી એ. ક્રિશ્ચિયન |
| ૩/૧ | એનેટ એ. ક્રિશ્ચિયન |
| ૩/૧ | જેનીફર જે. મહિડા (U.S.A.) |
| ૪/૧ | ડૉ. કેયુર એમ. ચૌહાણ (U.S.A.) |
| ૪/૧ | એન્થની એસ. ઈમાનુએલ |
| ૭/૧ | ડેની એ. હેરી |
| ૭/૧ | પ્રકાશ એસ. ખ્રિસ્તી |
| ૮/૧ | એનન એલ. પેલમોર |
| ૯/૧ | શ્રેયાંશી એસ. અર્લિક |
| ૧૦/૧ | અર્પિતા ડી. હેરી |
| ૧૧/૧ | નિમીષા પી. ક્રિશ્ચિયન |
| ૧૪/૧ | નિરવ આર. મહિડા |
| ૧૫/૧ | અશ્વિન બી. પરીખ |
| ૧૭/૧ | લીના એ. પેટ્રીક |
| ૧૮/૧ | રીનીશા પી. ક્રિશ્ચિયન |
| ૧૮/૧ | વાયોલેટ વી. ક્રિશ્ચિયન |
| ૧૮/૧ | બ્રિન્ઝા આર. મોદી |
| ૧૮/૧ | ટ્રીના ડી. હેરી |
| ૧૯/૧ | જ્યોતિ કે. વાઘેલા |
| ૨૩/૧ | વિક્ટરભાઈ વી. મેકવાન |
| ૨૫/૧ | અતુલ પી. મહિડા |
| ૨૬/૧ | ફ્રેની એ. ક્રિશ્ચિયન |
| ૩૧/૧ | યાચના એસ. ક્રિશ્ચિયન |

# મહિલામંડળનો રિપોર્ટ

'ગરીબ પર જુલમ કરનાર પોતાના સરજનહારની નિંદા કરે છે; પણ દરિદ્રી ઉપર દયા રાખનાર તેને માન આપે છે.' નીતિવચન ૧૪:૩૧

પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

મેથોડિસ્ટ ચર્ચ શાહપુરના પાળકસાહેબ તથા કુટુંબ, પાસ્ટોરેટ કમિટીના સભ્યો તથા મંડળીના સર્વ ભાઈબહેનોને નાતાલ તથા નવા વર્ષની પ્રેમી સલામ.

દર વર્ષની જેમ આ વર્ષે પણ નાતાલનો આનંદ આપણા વિશ્વાસી ભાઈબહેનો જેઓ ગામડાઓમાં વસે છે તેમને વહેંચવા માટેનું આયોજન સ્થાનિક મહિલામંડળનાં કારોબારી સભ્યો તથા તમામ બહેનો દ્વારા કરવામાં આવ્યું. જેમાં મંડળીના તરેક દાતામિત્રોએ ઉદારતાથી મહિલામંડળને પોતાના દાનો આપી સહાય કરી તથા ભેટો પણ આપી માટે સર્વ ભાઈબહેનોનો આભાર માનું છું. આ વર્ષે સાપલા-ખૂંટજમાં વિતરણ કરવામાં આવ્યું.

આ વર્ષે અંદાજિત ૧૫૦૦ રૂ.ની એક કીટ તૈયાર કરવાની હતી. આ માટે દાતામિત્રોએ ઉદારતાથી જે દાનો તથા ભેટો આપી તેની યાદી નીચે મુજબ છે.

| અ.નં. | દાતાનું નામ | રકમ |
|---|---|---|
| ૧. | શ્રીમતી મોનિકાબેન સેમ્યુલ ડેવિડ | ૫૦૦૦ |
| ૨. | શ્રીમતી પ્રતિભાબેન મહિડા | ૧૦૦૦ |
| ૩. | કુ. વેલેન્ટીનાબેન દાસ | ૧૦૦૦ |
| ૪. | શ્રી જીમીભાઈ એસ. ડેવિડ | ૧૦૦૦ |
| ૫. | શ્રી સુનિલભાઈ મેકવાન | ૧૦૦૦૦ |
| ૬. | શ્રીમતી કમળાબેન કે. સોલંકી તથા કુટુંબ | ૫૦૦૦ |
| ૭. | કુ. એનેટ એ. ક્રિશ્ચિયન | ૫૦૦ |
| ૮. | શ્રી બેન્જામીનભાઈ ક્રિશ્ચિયન (પી.એસ.આઈ.) | ૫૦૦૦ |
| ૯. | શ્રીમતી અર્પિતાબેન ડી.હેરી | ૧૦૦૦ |
| ૧૦. | કુ. શાલીન ગામડિયા | ૧૦૦૦ |
| ૧૧. | શ્રીમતી અરૂણાબેન એસ. ગામડિયા | ૧૦૦૦ |
| ૧૨. | કુ. એનિકા આકાશ રાઠોડ | ૧૦૦૦ |
| ૧૩. | શ્રી ડેનીભાઈ હેરી | ૫૦૦ |
| ૧૪. | શ્રી વિક્ટરકભાઈ વી. મેકવાન | ૧૦૦૦ |
| ૧૫. | શ્રીમતી શર્મિલા આર્લિક | ૧૦૦૦ |
| ૧૬. | શ્રીમતી નિમિષાબેન પી. ક્રિશ્ચિયન | ૧૦૦૦ |
| ૧૭. | કુ. રીનીષા પી. ક્રિશ્ચિયન | ૧૦૦૦ |
| ૧૮. | શ્રીમતી લીનાબેન એસ. માસ્ટર | ૧૦૦૦ |
| ૧૯. | શ્રી કોલિન એસ. ડેવિડ (પુના) | ૧૦૦૦ |
| ૨૦. | શ્રીમતી રેજીના સી. ડેવિડ (પુના) | ૧૦૦૦ |
| ૨૧. | કુ. રેચલ સી. ડેવિડ (પુના) | ૧૦૦૦ |
| ૨૨. | કુ. રોશેલ સી. ડેવિડ (પુના) | ૧૦૦૦ |
| ૨૩. | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | ૧૦૦૦ |
| ૨૪. | શ્રીમતી માર્ટિના અને તનય વાઘેલા | ૧૦૦૦ |
| ૨૫. | શ્રીમતી ડાયનાબેન ચૌહાણ | ૭૫૦૦ |
| ૨૬. | પ્રભુ પ્રેમી પરિવાર તરફથી | ૭૫૦૦ |
| ૨૭. | શ્રીમતી પ્રતિભાબેન મહિડા | ૧૦૦૦ |
| ૨૮. | શ્રી એન્થનીભાઈ ઈમાનુએલ | ૫૦૦૦ |
| ૨૯. | શ્રીમતી વેલેન્ટીનાબેન એફ. ગોહિલ | ૧૦૦૦ |
| ૩૦. | શ્રીમતી ડોરોથીબેન દાસ | ૧૫૦૦ |
| ૩૧. | શ્રી સિલાસભાઈ ચૌહાણ | ૧૦૦૦ |
| ૩૨. | શ્રી જોય જોનભાઈ મેકવાન | ૧૫૦૦ |
| ૩૩. | શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન | ૫૦૦૦ |
| ૩૪. | શ્રીમતી સારાબેન એફ. ટેલર | ૧૦૦૦ |
| ૩૫. | શ્રીમતી યાચનાબેન એસ. ક્રિશ્ચિયન | ૧૦૦૦ |
| ૩૬. | કુ. સેનિટા પી. ક્રિશ્ચિયન | ૧૦૦૦ |
| ૩૭. | શ્રીમતી સ્મિતલતાબેન આર. ક્રિશ્ચિયન | ૨૦૦૦ |
| | **કુલ દાન** | **૮૦૦૦૦** |

**આ ઉપરાંત વસ્તુઓ આપનાર દાતામિત્રો**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી આલાપભાઈ માસ્ટર | ૩૫ નંગ સાડીઓ |
| ૨. | શ્રી પિયુષભાઈ (ગોકુલ એમ્પોરિયમ) | ૨૬ નંગ ધાબળા |
| ૩. | શ્રી શૈલેષભાઈ માસ્ટર, શ્રી શરદભાઈ માસ્ટર | ૩૫ નંગ ઘડિયાળ (દિવાલ) |
| ૪. | શ્રી રાજેશભાઈ ક્રિશ્ચિયન | ૩૫ પેકેડ ખાંડ (૧ કિલો લેખે)<br>૩૫ નંગ નહાવાના સાબુ |
| ૫. | શ્રીમતી પ્રતિમાબેન માસ્ટર | ૩૦ પેકેટ લાડવા (૫૦૦ ગ્રામનું એક પેકેટ) |
| ૬. | વી.બી.એસ.ના બાળકોના શ્રમદાનમાંથી | ૫૦ પેકેટ બિસ્કીટ-ચોકલેટ્સ<br>૩૫ નંગ ટુવાલો |

**કીટમાં મૂકવામાં આવેલ વસ્તુઓની યાદી**

| | | |
|---|---|---|
| ૧. | આશીર્વાદ ઘઉંનો લોટ | ૫ કિલો |
| ૨. | ઈન્ડિયા ગેટ ચોખા | ૫ કિલો |
| ૩. | તુવેરદાળ | ૧ કિલો |
| ૪. | ગુલાબ સિંગતેલ | ૧ કિલો |
| ૫. | અમૂલ ચોખ્ખુ ઘી | ૫૦૦ ગ્રામ |
| ૬. | ઉત્તમ સોજી પેકેટ | ૧ કિલો |
| ૭. | ગાય છાપ બેસન | ૧ કિલો |
| ૮. | ખાંડ | ૧ કિલો |
| ૯. | ચ્હા | ૨૫૦ ગ્રામ |
| ૧૦. | ગોળ | ૫૦૦ ગ્રામ |
| ૧૧. | બેડ શીટ | ૧ નંગ |
| ૧૨. | ન્હાવાનો સાબુ | ૧ નંગ |
| ૧૩. | સાડી | ૧ નંગ |
| ૧૪. | ધાબળા | ૧ નંગ |
| ૧૫. | ઘડિયાળ (દિવાલ) | ૧ નંગ |
| ૧૬. | ટુવાલ | ૧ નંગ |
| ૧૭. | લાડવા | ૧ પેકેટ |

બાળકોને બિસ્કિટ તથા ચોકલેટના પેકેટ આપવામાં આવ્યા. વસ્તુઓ લેવા જવા માટે મદદ કરનાર શ્રીમતી કમળાબેન, શ્રીમતી અલ્પાબેન, શ્રીમતી સ્મિતલતાબેનનો આભાર માનું છું. કીટ તૈયાર કરવામાં મદદ કરનાર શ્રીમતી કમળાબેન, શ્રીમતી અલ્પાબેન, શ્રીમતી મોનિકાબેન, શ્રીમતી વેલેન્ટીનાબેન, શ્રીમતી મહિમાબેન, શ્રીમતી યાચનાબેન, શ્રીમતી સ્મિતલતાબેન, શ્રીમતી અર્પિતાબેન, શ્રીમતી સંગીતાબેન,

શ્રીમતી કોમલબેન, શ્રી રાજેશભાઈ, શ્રી શેરીલભાઈ, કુ. શાલીન સર્વનો આભાર માનું છું. કુલ ૩૨ કીટ તૈયાર કરવામાં આવી હતી.

તા. ૧૪-૧૨-૨૦૨૫ના રવિવારે આપણા પાળક સાહેબ રેવ. રાજુ પરમાર સાહેબ, શ્રીમતી અલ્પાબેન, શ્રીમતી કમળાબેન, શ્રીમતી માગ્રેટબેનની આગેવાનીમાં તથા પાસ્ટોરેટ કમિટીના સભ્યો શ્રી રાજેશભાઈ, શ્રી નિલેશભાઈ, શ્રી ઓલ્ડ્રીચ સર્વ મહિલામંડળના બહેનો સાથે ચર્ચ છૂટ્યા પછી બપોરે ૨:૪૫ વાગે નીકળ્યા. અમે સાપલા ૪:૩૦ વાગે પહોંચ્યા. ત્યાંના પાળકસાહેબે તથા આપણા પાળક સાહેબે અરસપરસ સર્વ ભાઈબહેનોની ઓળખાણ કરાવી. આવકાર કર્યો. સાથે મળી આનંદથી નાતાલનું ગીત ગાવામાં આવ્યું. કીટનું વિતરણ કરવામાં આવ્યું. સાથે આવેલા સન્ડેસ્કૂલના બાળકોએ ત્યાંના બાળકોને બિસ્કિટ-ચોકલેટના પેકેટનું વિતરણ કર્યું. સર્વએ સાથે મળી આનંદ સાથે ગીતો ગાઈ પ્રાર્થના કરવામાં આવી.

ત્યાંના પાળક સાહેબ તથા કમિટીએ ચ્હા-નાસ્તાની વ્યવસ્થા કરી. તેમને ૧૦૦૦ રૂ. દાન આપવામાં આવ્યું.

શ્રી શૈલેષભાઈ માસ્તરે ટેમ્પો ટ્રાવેલની ગાડી કરાવી હતી. બહુ સરસ રીતે અમે ટ્રાવેલીંગ કરી પરત ફરી શક્યા માટે શ્રી શૈલેષભાઈનો આભાર માનું છું. ઉપરાંત ગાડી ચર્ચથી દૂર ઊભી રાખવામાં આવી હતી. ચર્ચથી ગાડી સુધી વસ્તુઓ તથા કીટ પહોંચાડનાર શ્રી શેરીલ, શ્રી તનય, શ્રી જોય, શ્રી એનન, શ્રી શૈલેષભાઈ, શ્રી કેનેથભાઈ, શ્રી સામીભાઈ, શ્રી ઓલ્ડ્રીચ સર્વનો આભાર માનું છું.

પરત ફરતાં રસ્તામાં શ્રી રાજેશભાઈ તરફથી સાંજના જમવાની વ્યવસ્થા કરવામાં આવી માટે શ્રી રાજેશભાઈનો આભાર માનું છું. શ્રી રાજેશભાઈ પોતાની ગાડી લઈને આવ્યા અને સહાય કરી માટે આભાર માનું છું.

મુલાકાતની સફળતા માટે ઈશ્વરપિતાનો અંતઃકરણથી આભાર માનું છું. દાતામિત્રોએ ઉદારતાથી આપેલા દાન તથા વસ્તુઓ માટે હૃદયના ઊંડાણથી મંડળીના સર્વ સભાજનોનો ખૂબ ખૂબ આભાર માનું છું. આપણા પાળકસાહેબ રેવ. રાજુ પરમાર સાહેબ, શ્રીમતી અલ્પાબેન, વડીલ શ્રીમતી કમળાબેનના સાથ, સહકાર, માર્ગદર્શન તથા દોરવણી માટે ખૂબ જ આભાર માનું છું.

આપણા ચર્ચના પગી સોલોમનભાઈ તથા તેમના પત્ની મંજુલાબહેનના સાથ-સહકાર માટે આભાર માનું છું.

મહિલામંડળ દ્વારા કચરિયા તથા મઠિયાનું વેચાણ કરવામાં આવ્યું. તેમાં મંડળીના સર્વ સભાજનોએ સાથ-સહકાર આપી ઉત્તેજન આપ્યું માટે સર્વનો મહિલામંડળના પ્રમુખ તરીકે સર્વ વ્હાલાઓનો આભાર માનું છું.

## મહિલા મંડળનો હિસાબ

| આવક | જાવક | |
|---|---|---|
| રૂ. ૮૦૦૦૦ | ૫૪૪૨૬ | કીટના |
| | ૩૦૦ | રીક્ષાભાડુ |
| | ૧૦૦ | ચ્હા-બિસ્કીટ |
| | ૧૦૦૦ | સાંપલા-ખૂંટજ મંડળીને દાનનું કવર આપ્યું. |
| | **૫૫૮૨૬** | **કુલ ખર્ચ** |

૮૦,૦૦૦ રૂ
૫૫,૮૨૬ રૂ. ખર્ચ
**૨૪૧૭૪ રૂ. જમા**

**પ્રમુખ**
**શ્રીમતી મંદાકિની એલ. પેલમોર**
**સ્થાનિક મહિલામંડળ**

### ચર્ચને મળેલ ભેટ

- શ્રી ઈમાનુએલભાઈ એસ. ખ્રિસ્તી અને શ્રી સામીભાઈ એ. ગામડીયા તરફથી લાઈટીંગવાળો ક્રોસ મૂકવામાં આવ્યો. આભાર.
- શ્રી રોહિતભાઈ ફ્રાન્સિસ તરફથી ક્રિસમસ સેલ્ફી પોઈન્ટ મૂકવામાં આવ્યો હતો. આભાર.
- વર્ષ ૨૦૨૬ માટે શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી તરફથી પ્રભુભોજન પેટે ખર્ચ મળેલ છે. આભાર.
- વર્ષ ૨૦૨૬ માટે એક આશીર્વાદિત કુટુંબ તરફથી આહવાન, બુલેટીન છાપવાનો ખર્ચ મળેલ છે. આભાર.
- શ્રી ઈમાનુએલભાઈ એસ. ખ્રિસ્તી તરફથી સ્ટીલની દાનાર્પણ માટે પેટી અને દાનાર્પણ માટે સ્ટેન્ડ આપવામાં આવ્યું. આભાર

| **શાહપુર મેથોડિસ્ટ ચર્ચનાં સભ્યો દ્વારા સ્વ. રેવ. શાંતિલાલ પરમાર સાહેબના કુટુંબ માટે નાણાંકીય મદદ** | |
|---|---|
| એન્થોની ઈમાનુએલ | ૫૦૦૦ |
| એક બહેન તરફથી | ૫૦૦૦ |
| સ્મિતલત્તાબેન આર. ક્રિશ્ચિયન | ૩૦૦૦ |
| સુનિલભાઈ મેકવાન | ૧૦૦૦ |
| શાહપુર એમ.વાય.એફ. | ૧૦૦૦ |
| યાચના શેરીલ ક્રિશ્ચિયન | ૧૦૦૦ |
| કલ્પનાબેન ક્રિસ્ટી | ૧૦૦૦ |
| કમળાબેન કે. સોલંકી | ૧૦૦૦ |
| નિલેશભાઈ ક્રિશ્ચિયન | ૧૦૦૦ |
| સામીભાઈ ગામડિયા | ૧૦૦૦ |
| ડેનીભાઈ હેરી | ૫૦૦ |
| એનન પેલમોર | ૫૦૦ |
| **કુલ દાન** | **૨૧૦૦૦** |

| **પાળક મારફતે મળેલ બર્થડે અને આભારસ્તુતિના દાનો** | |
|---|---|
| એશરોન એ. પેટ્રીક | ૫૦૦ |
| એન્થોનીભાઈ એ. ક્રિશ્ચિયન | ૫૦૦ |
| અર્પણ એ. સોલોમન | ૨૦૦ |
| જેનેસીસ જે. દાસ | ૧૦૦૦ |
| સ્વ. ફ્રેન્કલીન ડી. ટેલર | ૫૦૦ |
| પ્રકાશભાઈ એસ. ખ્રિસ્તી | ૩૦૦ |
| રીટાબેન કીન | ૨૦૦૦ |
| ડાયનાબેન એમ. ચૌહાણ | ૫૦૦ |
| રીયાન ક્લેરેન્સ સોલંકી | ૫૦૦ |
| શર્મિલાબેન એસ. અર્લીક | ૫૦૦ |
| નેન્સીબેન એ. મહિડા | ૫૦૦ |
| ઈઆન એ. મહિડા | ૫૦૦ |
| કમળાબેન કે. સોલંકી | ૫૦૦ |
| જોય જે. મેકવાન | ૫૦૦ |
| સામીભાઈ એ. ગામડીયા | ૫૦૦ |
| શૈલેષભાઈ જે. માસ્ટર | ૫૦૦ |

## નાણાંકીય અહેવાલ નવેમ્બર - ૨૦૨૫

| | | |
|---|---|---|
| **તા.૧-૧૧-૨૫ની ઉઘડતી સિલક** | | |
| | **રોકડ** | **૯૮૧૮-૦૦** |
| | **બેંક** | **૬૯૦૩૭૫-૫૯** |
| **તા.૩૦-૧૧-૨૫ સુધીની** | **આવક** | **૧૬૮૨૨૩-૦૦** |
| | **કુલ** | **૮૬૮૪૧૬-૫૯** |
| **તા.૩૦-૧૧-૨૫ની બંધ સિલક** | | |
| | **રોકડ** | **૪૫૪૪૮-૦૦** |
| | **બેંક** | **૬૮૧૧૭૮-૫૯** |
| **તા.૩૦-૧૧-૨૫ સુધીનો** | **ખર્ચ** | **૧૪૧૭૯૦-૦૦** |
| | **કુલ** | **૮૬૮૪૧૬-૫૯** |

**શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર**